ક્રમાંકઃ–પરચ/૧૦૨૦૧૮/DCMR-03/ઝ.૧

ગુજરાત સરકાર,
નાણા વિભાગ, સચિવાલય,
ગાંધીનગર.
તા. /૦૧/૨૦૧૯
4 JAN 2019

પ્રતિ,
નાયબ સચિવશ્રી,
શિક્ષણ વિભાગ, સચિવાલય,
ગાંધીનગર.

વિષયઃ– ગ્રાન્ટેડ શાળાના અને સરકારી શાળાઓના ફિકસ વેતનવાળા શિક્ષણ સહાયકના ફિકસ વેતનમાં પૂવર્તતી વિસંગતતા દુર કરવા અંગે.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વેના માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અધિક અંગત સચિવશ્રીનો તા.૩૦/૧૦/૨૦૧૮નો પત્ર ક્રમાંક–નાણા/મા.મ./આ.પ.ક./ત.શિ./ન.ક./પા.યો./૧૦૨/૧/પ૨૦૯/૧૮ સાથે ગુજરાત રાજય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ, અમદાવાદની માન.નાયબ મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજયને સંબોધીને કરાયેલ તા.૨૯/૧૦/૨૦૧૮ ની રજુઆત અત્રે મળેલ છે. પ્રસ્તુત રજુઆતની વિગતો ધ્યાને લેતાં, નાણા વિભાગના તા.૧૮/૦૧/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક–ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ–૨)/ઝ.૧ થી રાજય સરકારની કચેરીઓ ખાતે ફીકસ પગારથી ફરજ બજાવતા વર્ગ–૩ અને વર્ગ–૪ના કર્મચારીઓના માસિક ફીકસ વેતનમાં થયેલ વધારાનો લાભ આપના વિભાગ હેઠળના ગ્રાન્ટેડ શાળાઓના શિક્ષણ સહાયકોને લાગુ પાડવા અને ગ્રાન્ટેડ શાળાના અને સરકારી શાળાઓના ફિકસ વેતનવાળા શિક્ષણ સહાયકોના ફિકસ વેતનમાં પૂવર્તતી વિસંગતતા દુર કરવા અંગેની બાબત આપના વિભાગને સબંધિત હોઈ, માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અધિક અંગત સચિવશ્રીનો ઉકત તા.૩૦/૧૦/૨૦૧૮નો પત્ર સાથે ગુજરાત રાજય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ, અમદાવાદની ઉકત તા.૨૯/૧૦/૨૦૧૮ની રજુઆત અસલમાં જરૂરી કાર્યવાહી માટે આ સાથે આપશ્રીને મોકલી આપવામાં આવે છે. જે વિદિત થવા વિનંતી છે.

આપની વિશ્વાસુ,

બિડાણ :– ઉપર મુજબ.

(સી. એમ. ઠકકર)
ઉપ સચિવ,
નાણા વિભાગ.

નકલ જાણ અર્થે રવાનાઃ–

(૧) પ્રમુખશ્રી, ગુજરાત રાજય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ, એમ. બી. પટેલ, જ્ઞાનજયોત વિદ્યાલય, કે. કે.નગર રોડ, ઘાટલોડીયા, અમદાવાદ.

(૨) સિલેકટ ફાઈલ.



E/Folder-C/C.M.R.